# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આકૃયુ,વસો ખાતે
# ૭૭મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો કેમ્પસ ખાતે તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ ના રોજ મા. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનીવર્સીટી, ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ "૭૭મા સ્વાતંત્ર્ય દિવસ "ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી જેમાં વસો કેમ્પસના સ્ટાફગણ , શ્રમીકો, સિક્યોરીટી ગાર્ડ્સ , કેમ્પસના વસાહતીઓ વગેરેએ ઉત્સાહભેર ભાગ લીધેલ. આ પ્રસંગે આ.કૃ.યુ. વસોના મદદનીશ પ્રાધ્યાપક અને વડા,એગ્રોનોમી વિભાગ અને વસો કેમ્પસ ખાતે "બેસ્ટ ટીચર એવોર્ડ"થી સન્માનિત ડૉ.પ્રતિક પંચાલએ ડૉ. વી. પી. રામાણી, આચાર્ય અને યુનિટ વડા તેમજ ડૉ. બી. સી. પટેલ, વરિષ્ઠ પ્રાધ્યાપકની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ કરી પ્રાસંગિક ઉદબોધન કરેલ. આઝાદી મેળવવા માટે જે વીરોએ બલિદાન આપ્યા તેઓને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પી નમન કર્યા . તેમણે દરેક ભારતીય નાગરીકે પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ એમ ખુબ ઉચિત ઉદાહરણ આપી સરળ ભાષામાં જણાવેલ તથા સ્વબળે આગળ આવવાની દરેક નાગરીકને હાકલ કરેલ . સદર પ્રસંગે કાર્યક્રમ ના અધ્યક્ષશ્રી ડૉ. વી. પી. રામાણી, આચાર્ય અને યુનિટ વડાએ સૌને સ્વાતંત્ર્યપર્વની શુભેચ્છા પાઠવી પ્રાસંગીક ઉદ્‌બોધન કરેલ. જેમાં તેમણે આઝાદીના અમૃત મહોત્સવનું મહત્વ સમજાવતા દેશને આઝાદ કરવા ક્રાંતિકારીઓના અમૂલ્ય ફાળા અને બલિદાનને બિરદાવેલ. વધુમાં, તેમણે દેશની આઝાદી દરમ્યાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરેલ, નમન કરેલ અને માં ભોમની રક્ષા કાજે શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાસુમન અર્પિત કરેલ. આઝાદી પછી અત્યાર સુધી દેશે તમામ ક્ષેત્રે હરણફાળ ભરી છે તે બાબતે પોતાના વિચારો રજૂ કરેલ. સમગ્ર દેશના વિકાસમાં વ્યક્તિગત રીતે પોતાની નિયત થયેલ કામગીરીને વફાદાર રહી ભાગીદાર બનવા સૌને પ્રોત્સાહિત કરેલ.




AAU
POLYTECHNIC
AGRICULTURE
ANAND
UNIVERSITY
387 380
GUJARAT POLICE


ANAND AGRICULTURAL UNIVERSITY
VASO - 387 380